અપીલ અરજી નં.૩૨૫ તા.૪–૨–૦૯

અરજદાર: શ્રી ડો.સરોશ સામ ભકકા
સામાવાળા:(૧) ઈ.ચા.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(હાઈડ્રોલીક)
(૨) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકાર (ટાઉન પ્લાનીંગ)

## ફરીયાદની હકીકત:–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ડો.સરોશ સામ ભકકાની તા.૧૨–૧–૦૯ ની અરજીથી સુરત મહાનગરપાલિકાના " કતારગામ વોટર વર્કસ" જે તાપી નદીના કાંઠા ઉપર, પાણી નદીના પાળા યોજના તેમજ સુરત–અમરોલી તાપી નદી ઉપરના પુલ નજીક આવેલ છે તે કતારગામ વોટર વર્કસ બાબતે મુદ્દા નં. ૧ થી ૩ ની વિગત આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૪–૨–'૦૯ ની અપીલ અરજી નં.૩૨૫/૨૦૦૮–૦૯

શ્રી ડો.સરોશ સામ ભકકાની તા.૧૨–૧–૦૯ ની અરજીથી સુરત મહાનગરપાલિકાના " કતારગામ વોટર વર્કસ" જે તાપી નદીના કાંઠા ઉપર, પાણી નદીના પાળા યોજના તેમજ સુરત–અમરોલી તાપી નદી ઉપરના પુલ નજીક આવેલ છે તે કતારગામ વોટર વર્કસ બાબતે મુદ્દા નં. ૧ થી ૩ ની વિગત આપવા બાબત ઈ.ચા.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી હાઈડ્રોલીક ના પત્ર નં./એચ.ઈ.ડી./આ./૩૨૩૮ તા.૨–૨–૦૯થી આપેલ માહિતીમાં મુદ્દા નં.૨ની માહિતી અધુરી તથા મુદ્દા નં.૩ ની માહિતી આપેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૪–૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૮૪ તા.૧૨–૨–૦૯ ના રોજ ઈ.ચા.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(હાઈડ્રોલીક)અને ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી અત્રેના વિભાગને આજ દિન સુધી કોઈ પૂરક વિગતો મળેલ નથી પરંતુ અરજદારે તા.૧૨–૨–૦૯ ના રોજ અપીલના આધારો અને માંગેલ માહિતીની વિગતોમાં જેમાં ટાઉન પ્લાનર અને કલેકટરશ્રીના પત્રો, કતારગામ વોટર વર્કસની જમીન મહાનગરપાલિકાએ સરકારી દફતરેથી મેળવેલ છે? કઈ તારીખ અને કયા ઓર્ડરથી? તેની નકલો, અવેજ ચૂકવવામાં આવેલ હોય તેની તારીખવાર વિગતો, કયા ખાતામાંથી કઈ તારીખે આવેજ સરકારશ્રી તેમજ સુરત નહેર વિભાગને ચૂકવવામાં આવ્યો? રૂ.૧૫૦/– લેખે કેવી રીતે નકકી થયો? વિગેરે માહિતી માંગેલ છે.

અરજદારની તા.૧૨–૧–૦૯ ના રોજ કરેલ અરજી સેન્ટ્રલ ઝોન મારફતે નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૨૨૯ તા.૧૫–૧–૦૯ ના રોજ હાઈડ્રોલીક ઈજનેર અને મ.જાહેર માહિતી અધિકારી તથા ટાઉન પ્લાનર અને મ. જાહેર માહિતી અધિકારીને તબદીલ કરવામાં આવેલ. ત્યાર બાદ શહેર વિકાસ અધિકારી અને મ. જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ) તરફથી મુદ્દા નં.૩ અંગે કાર્યપાલક ઈજનેર (હાઈડ્રોલીક) ને તબદીલ કરવામાં આવેલ. અરજદારે અપીલ અરજીમાં સને ૧૯૯૪–૯૫ માં ૩.૪૭ હેકટર જમીન કોને ફાળવી આપી? કયા અને કોના હુકમથી ફાળવી? અને તે હુકમની નકલો તથા ટાઉન પ્લાનરની નોંધ કરેલો પત્ર અને તે મુજબ કલેકટરશ્રી સુરતના હુકમ ધ્વારા હેતુ ફેરથી ફાળવણીના પત્રની નકલોની માંગણી કરેલ છે તથા મુદ્દા નં.૩ માં મુદ્દાસર જવાબ તથા માહિતી આપી નથી તેવી રજુઆત કરેલ છે.

ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નં.ટીપીડી/૭૩૩૨ તા.૧૧–૨–૦૯ થી અરજદારને મુદ્દા નં.૧ અને ૨ ની વોટર વોર્કસની જમીનના સર્વે નંબરો, મુળ માલિકના નામ સરનામાંની તેમજ જમીન મનપાએ કેવી રીતે હાંસલ કરી અને અવેજની માહિતી પુરી પાડવામાં આવેલ છે. જયારે મુદ્દા ન.૩ ની વોટર વર્કસની જમીન કયારે મેળવી તથા કયારે પ્લાન્ટ ખુલ્લો મુકાયો તેની માહિતી ઈ.ચા.સીટીઈજનેર અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી, એચઈડી/આ.નં./૩૨૩૮ તા.૨–૨–૦૯ થી પૂરી પાડવામાં આવેલ છે. અરજદારે અપીલ અરજીમાં માંગેલી માહિતી મુળ અરજીથી અલાયદી પૂરક માહિતીની માંગણી કરવામાં આવેલ છે. અરજદારે મુળ અરજીથી આ સબંધમાં કોઈ નકલો તે તબકકે માંગેલ જણાયેલ નથી.

## હુકમ

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૨–૧–૦૯ ની અરજીથી માંગ્યા મુજબની મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી પૈકી દફતરી ઉપલબ્ધ માહિતી સબંધિત જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. મુળ અરજીની માહિતી સંદર્ભમાં માહિતી પૂરી પડાયેલ હોય અપીલ અરજીમાં કોઈ હુકમ કરવાનો રહેતો નથી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

અરજદારે અપીલ અરજીમાં મુળ અરજીથી ઉપસ્થિત કરેલ અલાયદા પ્રશ્નો અંગે લાગત જાહેર માહિતી અધિકારીને અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૩ –૦૯.

*ડે.કમિશ્નર(જનરલ),*
***અને એપેલેટ ઓફિસર***
*સુરત મહાનગર પાલિકા*

***પ્રતિ***

(૧) ઈ.ચા.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(હાઈડ્રોલીક) તથા ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ).... જાણ તથા અમલ માટે
(૩) શ્રી ડો.સરોશ સામ ભકકા,